# રાજકોટના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(ટ્રાફીક) સાહેબની કોર્ટ, રાજકોટ

**ફોજદારી કેસ નંબર**
**આંક:–**

શ્રી સરકાર ..................ફરીયાદી

વિરૂઘ્ધ

કિશનભાઈ દિનેશભાઈ સોઢા ..................આરોપી

ગુનો:– ઈન્ડીયન પીનલ કોડની કલમ ૨૬૯, જી.પી.એકટ–૧૩૫ મુજબ.

**ચુકાદો**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી વિરૂઘ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૨૬૯, જી.પી.એકટ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં હાલનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આેરપી વિરૂઘ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ આપ્યાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૩) આરોપીની સદરહું ગુન્હા સબંધે પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, જેમા એવી જાહેરાત કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છે. વધુમાં, આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજકામ પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને કયારેય રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો અને પ્રથમ ગુનો હોઈ અને પોતે ભુલ સુધારવા માંગતા હોઈ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાનો વ્યય ન થાય તે ઘ્યાનમાં લઈ માફી આપવા માટે રહેમ ગુજારવા જણાવેલ છે.

(૫) તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતા હાલના કામે આરોપી વિરૂઘ્ધનાં જી.પી.એકટ–૧૩૫ નાં ગુન્હા સંદર્ભે જોઈએ તો, ફરીયાદીએ આરોપીઓ વિરૂઘ્ધ હાલની ફરીયાદ કરતા પહેલા અદાલતની કોઈ પુર્વ પરવાનગી લીધેલ નથી. આવા સંજોગોમાં જી.પી.એકટ–૧૩૫ નાં ગુન્હાનું સંજ્ઞાન લઈ શકાય તેમ નથી. આવા સંજોગોમાં આરોપીને જી.પી.એકટ–૧૩૫ ના ગુન્હાના કામંથી ડ્રોપ કરવા ન્યાયોચિત માનું છું અને ઈ.પી.કો.ક. ૨૬૯ નાં ગુન્હા સબંધે જોઈએ તો, વર્તમાનમાં કોર્ટમા પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા નજીકના ભવિષ્યમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને ફેસલ કરવો સંભવી શકે તેમ નથી. આરોપીને સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા અદાલતનો સમય તથા આરોપીએ ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકિકતો અને જયારે આરોપીઓ પોતે પસ્તાવાની લાગણી અનુભવતા હોઈ અને આરોપીની કબુલાતથી સરકારી મશીનરીનો સમય બચી શકે તેમ હોઈ, આ તમામ પરિસ્થિતિને ઘ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામા ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ઘ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

CC NO. 8621/2022

# **:: હુકમ ::**

આરોપી કિશનભાઈ દિનેશભાઈ સોઢા ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવીને ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ ૨૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુના બદલ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી **દંડ ન ભરે તો દિન–૦૧ ની સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે આરોપીને જી.પી.એકટ–૧૩૫ ના ગુન્હાનાં તહોમતમાંથી ડ્રોપ કરી બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭–એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૧૨/૦૩/૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ
તારીખ : તા.૧૨/૦૩/૨૦૨૨

(શ્રીમતિ એમ.એ.કૌશીક)
જયુડી. મેજી. ફ.ક.(ટ્રાફીક)
રાજકોટ.
UIC CODE 01585